بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.11-08-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું: પ્રત્યેક અહેમદી જે પોતાને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં સામેલ કરે છે, રૂહાની આચરણ સંબંધી, વિવેક તથા આસ્થામાં પ્રગતિ માટે સંકલ્પ કરે છે તથા આ યુગમાં જ્યારે અલ્લાહ તઆલાએ આપણને એમટીએનો વરદાન આપેલ છે અને જમાઅતી પ્રોગ્રામ, જલસા, સંબોધનો તથા એથી વધું વિશ્વવ્યાપી બૈઅતમાં તો એમટીએ અને ઈન્ટરનેટના માધ્યમથી લાખો અહેમદી સામેલ થાય છે માટે પ્રત્યેક તે અહેમદી જે જન્મજાતથી અહેમદી છે અથવા સ્વયં બૈઅત કરી અહેમદિયતમાં સામેલ થયા છે, આ નથી કહી શકતો કે અમને બૈઅતના સંકલ્પની ખબર નથી.

જો જરૂરત છે તો આ વાતની કે આપણે બૈઅત કર્યા પછી તેની રૂપ રેખા જાણવાનો પ્રયાસ કરીએ તથા બૈઅતના સંકલ્પને સામે રાખીએ જો આપણે બૈઅતની શર્તોમાં વર્ણન નૈતિક આચરણના સુધારને સામે રાખીએ તો આપણા શિષ્ટાચારના ધોરણો, સામાજિક સંબંધો, કારોબારી મામલાઓ તથા દૈનિક લેન દેન મામલાઓ, ઘરેલુ તથા પારિવારિક વ્યવહાર, આ બધામાં એક વિશેષ પ્રગતિ પૈદા થઈ શકે છે પરંતુ આપણામાંથી અનેક એવા છે જે આ ધોરણોથી પણ ખુબ દુર છે જે હઝરત મસીહ મૌઉદ અ.સ. આપણામાં જોવા માંગતા હતા. આ વિષય પર જે વાતો તરફ આપે બૈઅતની શર્તો પર ધ્યાન અપાવ્યું છે તેમાંથી એક આદ આ છે. ઉદાહરણ તરીકે:

જુઠ ન બોલવું, અત્યાચાર ન કરવું, ખયાનતથી બચવું. માનસિક આવૃત્તિઓમાં ન આવવું, દુનિયાને સાધારણ રીતે અને મુસલમાનોને વિશેષ રૂપમાં પોતાના માનસિક જોશોના કારણે હાથ કે જુબાનથી કષ્ટ ન આપવું. અહંકાર ન કરવું, વિનમ્રતા ધારણ કરવી. પ્રસન્ન ચિત રહી હંમેશા જીવન જીવવું અને માનવ જાતિને લાભ પહોચાડવાનો પ્રયાસ કરવો જોઈએ.

આપણે જો આ વાતો પર ધ્યાન આપીએ તો જેવું કે મેં કહ્યું કે આપણે પોતાના આચરણના સ્તર વધારી શકીએ છીએ અને જો આપણે નિરીક્ષણ કરીએ તો આપણામાં એક ધ્યાન આપવા યોગ્ય સંખ્યા એવી છે જે બૈઅતના અહેદ કર્યા છતાં આ વાતો અનુસાર કામ નથી કરતાં. જ્યાં સુધી આપણે વ્યકિતગત રૂપથી એવી પ્રસ્થિતિમાં નથી પડતા જ્યાં આપણે પોતાના અધિકાર બલિદાન કરી અથવા પોતાને મુશ્કેલીમાં નાખી પોતાના ઉચ્ચ શિષ્ટાચારને ધારણ કરવું હોય. આપણે ખુબ જ જોરશોરથી આ કહીએ છીએ કે નિ:સંદેહ આ ઉચ્ચ શિષ્ટાચારને આપણે ધારણ કરવું જોઈએ અને જે આ નથી કરતો તે ખુબ અત્યાચાર કરે છે પરંતુ સીધા આપણે પ્રભાવિત થઈ રહ્યા હોઈએ તો આપણામાંથી અધિકતર સંખ્યા આ વ્યવહારોને ભુલી જાય છે. મેં જોયું છે કે જમાઅતની ન્યાયિક પ્રક્રિયાના નિર્ણયના જ્યારે અમુક મામલા મારી પાસે આવે છે તો જુઠ અને સત્યને સાબિત કરવાને બદલે, અધિકાર આપવાને બદલે, હઠ ધર્મી અને જીદની એવી અભિવ્યકિત થાય છે કે આશ્ચર્ય થાય છે. માટે અહેમદી વકીલોએ પણ તથા પક્ષકારોએ પણ કે તે પોતાની બૈઅતના અહેદ તથા અલ્લાહ તઆલાના ભયને પોતાના સ્વાર્થ પર પ્રાથમિકતા આપે. આવા સમયમાં એક મોમિનનું કામ છે કે લડાઈ ઝઘડા લાંબા કરવાને બદલે, અને હઠ ધર્મી કરવાને બદલે અલ્લાહ તઆલાની પ્રસન્નતા માટે પોતાની અંદર વિનમ્રતા પૈદા કરી જમાઅતી નિઝામ અથવા જમાઅતની ન્યાયીક પ્રક્રિયામાં પોતાના મામલા લાવે અને પ્રયત્ન આ હોય કે આપણે આપસમાં ભાઈ ભાઈ છીએ આપણે આ કુધારણાઓ અથવા ઉચિત અને અનુચિત ફરિયાદોને દુર કરી પરસ્પર પ્રેમથી જીવન ગુજારવું જોઈએ.

પરંતુ જો કોઈના ઉપર દાયિત્વ બને છે તથા જેનો અધિકાર બને છે બંને હઠ પ્રકૃતિ વાળા હોય તો પછી ચાહે જમાઅતી નિઝામ હોય કે કઝા હોય અથવા દેશની ન્યાયાલય હોય. આ તમામ જેવું ન્યાય આધારિત નિર્ણય કરશે કદાપી મામલાનું સમાધાન નહી થાય તથા તેના પર દાયિત્વ નાખવામાં આવે છે ઘણી વાર તે અધિકાર મારવામાં આવે છે અને અધિકાર નથી આપતાં અથવા નિર્ણય નથી માનતાં અથવા મને લખે છે કે અમારા પર ખુબ અત્યાચાર થયો છે આપ સ્વયં આ મામલાને જુઓ તથા આ ફરિયાદો કદાપી સમાપ્ત નથી થતી.

આપણે જો લડાઈ ઝઘડા સુંદર રીતે સમાપ્ત કરવા છે તો હઠ છોડવાની જરૂર છે બલ્કે ઘણી વાર લડાઈ ઝઘડા સમાપ્ત કરવા માટે અધિકાર જો બનતો પણ હોય તો તે અધિકાર લેવાથી બીજા પક્ષને સુવિધા આપવાની જરૂર હોય છે અને ઘણી વાર એક સીમા સુધી હક છોડવો પણ પડે છે. આ વિશે અલ્લાહ તઆલા આપણને શું નિર્દેશ આપે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે وَاِنۡ کَانَ ذُوۡ عُسۡرَۃٍ فَنَظِرَۃٌ اِلٰی مَیۡسَرَۃٍ ؕ وَاَنۡ تَصَدَّقُوۡا خَیۡرٌ لَّکُمۡ اِنۡ کُنۡتُمۡ تَعۡلَمُوۡنَ અને જો કોઈ તંગ હાલ થઈ આવે તો સુવિધા હોવા સુધી તેને સમય આપવો જોઈએ અને જો તમે પોતાના ઋણ ક્ષમા કરી દો તો આ ખુબ સારૂ છે જો તમે જ્ઞાન રાખો છો. તમને ખબર હોવી જોઈએ કે તમારા પર પણ આવી હાલત આવી શકે જ્યારે મજબૂરીઓ હોય તથા પછી સૌથી વધીને આ કે અલ્લાહ તઆલા આપણને આપણા અનેક મામલાઓમાં છુટ આપે છે. જો અલ્લાહ તઆલા જે સર્વ શકિતમાન છે આપણને આપણા મામલાઓમાં પકડવા લાગી જાય તો આપણું કોઈ ઠેકાણું ન રહે. માટે જરૂરી છે કે આપણે એક બીજાના મામલામાં નરમી અને સુવિધા વાળા વ્યવહાર કરીએ. આ એક મૂળભૂત નિર્દેશ છે દૈનિક મામલાઓમાં પણ, વ્યવસાયીક મામલાઓમાં પણ, ઋણ લેન દેન વખતે પણ આ વાતો હંમેશા યાદ રાખવી જોઈએ. આંહઝરત સ.અ.વ.એ પણ મોમિનોને વારંવાર ધ્યાન અપાવ્યું છે કે તમે દુનિયામાં રહેમ અને નરમીથી કામ લો તો આસ્માન પર ખુદા તઆલા પણ તમારાથી રહેમનો સલુક કરશે નહીતર આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણો પણ એક દિવસ હિસાબ થશે જો અલ્લાહ તઆલા ફકત અધિકારો અનુસાર નિર્ણય કરવા લાગે તો ક્ષમા પ્રાપ્ત થવું ખુબ મુશ્કેલ થઈ જાય. માટે અલ્લાહ તઆલાની દયા તથા ક્ષમાશીલતાને ગ્રહણ કરવા માટે આપણે દુનિયામાં પોતાના મામલાઓમાં નરમી અને રહેમનો વ્યવહાર એક બીજા સાથે કરવો જોઈએ, ન કે માત્ર કઠોરતા અને પકડ તથા ફકત પોતાના અધિકારોની ચિંતા હોય.

જો આપણે પવિત્ર કુરઆનના આ સુવર્ણ નિર્દેશને યાદ રાખીએ તથા આંહઝરત સ.અ.વ.ના ઉપદેશને સામે રાખીએ તો એક શાંતિ પૂર્ણ સમાજની સ્થાપના થાય. વ્યાકુળતાઓ પછી ન ફેલાય, કદાપી દુશ્મની લાંબી ન થતી જાય. ન્યાય કરનાર સંસ્થાઓની પણ હાનિ ન થાય, તેઓ આ લડાઈ ઝઘડાનું નિવારણ કરવાને બદલે કોઈ સારા કાર્યની યોજના બનાવી શકે. મારો સમય પણ આ વ્યર્થ વાતોમાં નષ્ટ થવાથી બચી જાય, હું ઘણી વાર મામલાનું અવલોકાન કરીને પક્ષકારોને જવાબ આપું છું પરંતુ તેમની ઈચ્છા અનુસાર જવાબ નથી હોતો તો તો પણ તેઓ પોતાની વાત પર, હઠમાં બેસી રહે છે, અડયા રહે છે કે નહી અમે જ ઠીક છીએ અને આ જ જીદ હોય છે કે નિર્ણય પણ અમારા પ્રમાણે હોય તથા સુવિધા પણ અમારે નથી આપવી બીજા પક્ષને. મારા સ્પષ્ટ રૂપથી લખવા છતાં પણ અમુક વાર ત્રીજા ચોથા મહીને પત્ર મોકલી દે છે કે અમોએ અમારા મામલા બાબતે લખ્યું હતું અને અમે સત્ય પર છીએ આ વખતે નિર્ણય પુનઃ જોવામાં આવે તથા અમોને અમારો અધિકાર અપાવવામાં આવે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જો એક પક્ષના વિચારોમાં તેનો અધિકાર બને છે પરંતુ નિર્ણય તેના વિરૂદ્ધ થઈ જાય છે તો તેના પર કઝા અથવા કાઝીને આરોપી ન ગણવો જોઈએ. અમુક લોકોને આ પ્રકારના આરોપ લગાવવાની આદત પડી જાય છે. જો કોઈ નિર્ણયમાં કોઈ વાત અસ્પષ્ટ હોય અથવા બીજા પક્ષના વિચાર અનુસાર તેમાં કોઈ વાત અસ્પષ્ટ છે તો પક્ષકારના નિવેદન પર ઘણી વાર હું પણ ફાઈલ મંગાવીને જોઈ લઉ છું પરંતુ અધિકતર નિર્ણય બરાબર જ હોય છે તથા

માત્ર કુધારણાના કારણે સંદેહ દિલોમાં પૈદા કરે છે. માટે કુધારણાઓથી બચવું જોઈએ. કુધારણા એક અન્ય બૂરાઈનો માર્ગ ખોલી દે છે. પારિવારિક મામલામાં ઉદાહરણ તરીકે મહેરના અધિકારની અદાયગી છે આ પણ નિ:સંદેહ એક ઋણ છે જેને અદા કરવું પતિનું દાયિત્વ છે. પ્રત્યેક અહેમદી એક શાંતિ સમાજના વિષયમાં જ્યારે દુનિયાને કહે છે તો આપણે પણ આપણા પ્રત્યેક વ્યવહારમાં સમાજમાં શાંતિ સ્થાપનાનો પ્રયાસ કરવો જોઈએ.

હુઝુર અનવ્રે ફરમાવ્યું કે મોમિનોએ એક બીજાના અધિકારો અદા કરવામાં સતર્કતા દેખાડવી જોઈએ. ઘણા બધા એવા મામલા છે કે અધિકાર લેવા વાળાના વ્યવહારને આપણે સુવિધા જનક કરી પણ લઈએ અધિકાર લેવા વાળાનો વ્યવહાર મામલો આગળ નથી વધવા દેતાં તથા પછી આ પણ ફરિયાદ થાય છે કે અમારી સાથે નરમી કરવામાં નથી આવી. આંહઝરત સ.અ.વ.ના આ ઉપદેશથી કે સંદર સમાજની સ્થાપના માટે કઈ વાતો હોવી જોઈએ. કેટલાક ઉપદેશો પેશ કરૂ છું. આપ એક અવસરે આપસના મામલામાં નરમી પૈદા કરનારને દુઆ આપતા ફરમાવે છે કે અલ્લાહ તઆલા સુવિધા આપનાર વ્યકિત પર રહેમ ફરમાવે જ્યારે તે ખરીદો ફરોખ્ત કરે છે અને જ્યારે તે ઋણ પાછો આપવાનું કહે છે. પછી આપે સુવિધા આપનારને ખુશખબરી આપતાં તથા અન્ય લોકોને પ્રેરણા આપતાં ઉપદેશ આપ્યો કે અલ્લાહ તઆલાએ એક વ્યકિતને સ્વર્ગમાં દાખલ કર્યો જે ખરીદતા સમયે તથા વેચતા સમયે અને કર્ઝ આપતાં સમયે તથા કર્ઝ પાછો લેતા સમયે સુવિધા આપતો હતો. પછી એક રિવાયતમાં આવે છે કે આપે ફરમાવ્યું કે જે વ્યકિતએ આર્થિક રૂપથી કમજોર વ્યકિતને ઋણની અદાયગીમાં સુવિધા આપી અથવા માફ કરી દીધો તો કયામતના દિવસે જ્યારે અલ્લાહ તઆલાની છાયા વગર કોઈ છાયા નહ શે તો તેને અલ્લાહ તઆલા પોતાના સિંહાસન નિચે છાયા આપશે.

પછી આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે એક વ્યાપારી લોકોને ઋણ આપતો હતો અને જો તે કોઈ આર્થિક કમજોર વ્યકિતને જોતો તો પોતાના સેવકોથી કહેતો કે તેને અનદેખો કરો સંભવતઃ અલ્લાહ તઆલા આપણા વ્યાવહારોને પણ અનદેખો કરે. આપ ફરમાવે છે કે આમ તેના આ કર્મના કારણે અલ્લાહ તઆલાએ તેના મામલાઓ અનદેખા કરી દીધા. માટે જેમાં શકિત છે તેણે જેટલું સંભવ હોય સુવિધા આપવી તે સિવાય કે તેના માટે લડાઈ ઝઘડા કરે તથા અદાલતોમાં વ્યર્થમાં સમય બગાડે તથા રકમ ખર્ચ કરે. પરંતુ ઈસ્લામ ફકત આ જ નથી કહેતું કે ઋણ આપનાર તથા અધિકાર લેનાર જ આ સુવિધાઓ આપે. ઈસ્લામ એક એવો સમાજ સ્થાપિત કરે છે તથા પ્રત્યેક પક્ષને તેના કર્તવ્ય તરફ ધ્યાન અપાવે છે જેનાથી દિલોની નફરતો દુર થાય અને શાંતિ કાયમ થાય. માટે જેના ભાગમાં અધિકારની અદાયગી છે તેને પણ સતર્ક કરે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતની શર્તોમાંથી એક શર્ત આ પણ છે કે ફસાદથી બચવાનો પ્રયાસ કરો. માટે આંહઝરત સ.અ.વ.એ આ વિશે પણ આપણને નિર્દેશ આપ્યો છે. એક રિવાયતમાં આવે છે કે આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે ધનવાન વ્યકિતએ ઋણમાં ટાલ મટોલ કરવું જુલ્મ છે જો તમને કોઈ ટાલ મટોલ કરનારનો પીછો કરવાનું કહવામાં આવે તો તે ટાલ મટોલ કરનારનો પીછો કરો અર્થાત પછી મજબૂર કરીને તેનાથી બીજાનો અધિકાર અપાવવામાં આવે, ઋણ અદા કરાવામાં આવે. અહીયા કોઈ નરમી નથી, કોઈ પણ સુવિધાની જરૂર નથી, કેમકે તેમને સામર્થ્ય પ્રાપ્ત છે. પછી આંહઝરત સ.અ.વ.એ એક સ્થાને ફરમાવ્યું કે કર્ઝ અદા કરનારનું ટાલ મટોલ કરવું તેના માન સંમાન પર હાનિ કરવાને હલાલ ઘોષિત કરે છે. માટે જમાઅતના નિઝામનું કર્તવ્ય છે કે એવા અધિકારોનું હનન કરનારને સજા આપે જો તેઓ સહયોગ ન કરે તો. માટે જ્યારે કર્ઝના નિર્ણય અનુસાર સહયોગ ન કરનાર તથા અધિકાર હનન કરનારને સજા મળે છે તો પછી તેમણે શોર ન મચાવવું જોઈએ કે અમારાથી નરમીનો સલુક નથી કર્યો. અલ્લાહ ના રસૂલે તેને સજા આપવાનો અધિકાર જમાઅતને આપ્યો છે, દેશનો કાનૂન પણ એવા લોકોને સજા આપે છે. પછી એક ઉપદેશ છે કે આંહઝરત સ.અ.વ.નો, કે જે વ્યકિતએ પાછો આપવાની નિયતથી માલ લીધો અથવા ઋણ લીધો, અલ્લાહ તઆલા તેના તરફથી અદાયગી કરી દેશે અને જે વ્યકિત માલ ખાવા તથા પૈસા મારવાની નિયતથી માલ લેશે તો અલ્લાહ તઆલા તેને નષ્ટ કરી

દેશે. આમ જો નિયત નેક હોય તો અલ્લાહ તઆલા સામાન પૈદા કરી દે છે અથવા ઋણ આપનારના દિલમાં નરમી પૈદા કરી દે છે પરંતુ જો નિયત જ નેક નથી તો પછી અલ્લાહ તઆલા પણ તેને સજા આપે છે. આંહઝરત સ.અ.વ. તો સામાન્યત: એવા વ્યકિતનો જનાઝો ન પઢતા હતા જેના જીમ્મેદારીમાં કર્ઝ હોય તથા તેની સંપત્તિ અને ઉપસ્થિત ધન રાશિ દ્વારા તે ઋણ અદા ન થાય. આંહઝરત સ.અ.વ. ઋણથી બચવા માટે દુઆ પણ કરતા હતા બલ્કે કર્ઝ અને કુફ્રને આપે બરાબર ગણાવ્યો છે. આથી એક રિવાયતમાં આવે છે કે સહાબા કહે છે કે મેં આંહઝરત સ.અ.વ.ને આ ફરમાવતાં સાંભળ્યા છે કે હું કુફ્ર અને કર્ઝથી અલ્લાહની પનાહ માંગુ છું. એક વ્યકિતએ નિવેદન કર્યુ કે યા રસૂલુલ્લાહ સ.અ.વ. કર્ઝનો મામલો કુફ્ર સમાન કરવામાં આવશે, જેથી આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે હાં. આમ આ કારણ છે કે પનાહ માંગવી જોઈએ અને કર્ઝ લેનાર પણ યથાસંભવ ઋણ લેવાથી બચે, તેણે બચવું જોઈએ અને જો લઈ લીધું છે તો પછી અદાયગીની પણ ચિંતા કરવી જોઈએ. આથી જમાઅતના લોકોએ આ તરફ ખુબ ધ્યાન આપવાની જરૂર છે. કર્ઝની અદાયગી વિશે હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ રઝી. એક યુકિત બતાવી છે, ઋણ લેનાર જો તેના અનુસાર કામ કરે તો અનેક લોકોએ લખ્યું છે કર્ઝ વિશે તો આ તેના અનુસાર કરી જુઓ. આપે ફરમાવ્યું કે એક તો ઈસ્તિગફાર અત્યાધિક કરે અને બીજુ અનાવશ્યક વ્યય છોડી દે. અધિકતર કર્ઝ લોકો એટલા માટે લે છે કે અનાવશ્યક ખર્ચ કરી રહ્યા હોય છે, ઈચ્છાઓ વધી રહી હોય છે અને ત્રીજુ આપે જણાવ્યું કે જો એક પૈસો પણ મળે તો કર્ઝ આપનાર વ્યકિતને અદા કરી દો. અમુક લોકો શોખથી ઋણ લઈ લે છે આ અનાવશ્યક છે. જો એક વાર ઋણ લઈ લે ઈન્સાન તો પછી ઋણોમાં દબાતો જાય છે. માટે આ ફુઝુલ ખર્ચથી બચવું જોઈએ. આ પ્રકારે અનેક લોકોએ વ્યાપાર કરવું શરૂ કર્યા, કોઈ અનુભવ નથી, નૌજુવાન છે અને વ્યાપારના નામે લોકોથી રકમો લઈ લીધી અનુભવ ન હોવાના કારણે કારોબાર નષ્ટ થઈ ગયું, સ્વયં પણ વિવશ થઈ ગયા અને લોકોના પૈસા પણ લઈ ડુબ્યા તો એવા લોકોએ પણ સાવધાની રાખવી જોઈએ અને આપનારે પણ પહેલા વિચારીને કર્ઝ આપવું જોઈએ જેથી પછી કોઈ શિકાયત ઉત્પન્ન ન થાય. આથી આ વાતોથી આપણે બચવું જોઈએ જેથી શાંત સમાજ આપણામાં હંમેશા સ્થાપ્તિ રહે.

અલ્લાહ તઆલા આપણને આપણા જીવનમાં એક વાસ્તવિક મોમિનો વાળો રંગ પૈદા કરવાનું સામર્થ્ય આપે તથા એક શાંતિ પૂર્ણ સમાજ આપણે સ્થાપિત કરનાર બનીએ અને જે ઉચ્ચ શિષ્ટાચાર છે, ઉચ્ચ ધોરણો છે આચરણના જેની હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આપણાથી આશા રાખી છે, જેનું વર્ણન પવિત્ર કુરઆનમાં પણ છે અને જેના પર આંહઝરત સ.અ.વ.એ પણ ધ્યાન અપાવ્યું, તેને અપનાવવા વાળા થઈએ.

## TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 11 Aug. 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.......................................................................................................<br>.......................................................................................................<br>.......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |